# અદમ્ય જ્ઞાનપિપાસા

– હરિશ્ચંદ્ર

આજથી સોએક વરસ ઉપર અમેરિકામાં બૂકર વૉશિંગ્ટન નામે એક મહાન માણસ થઈ ગયો. બહુ નીચી ગણાતી હબસી કોમમાં એ જન્મ્યો હતો અને ગુલામ છોકરા તરીકે ઉછર્યો હતો. છતાં અત્યંત જહેમત ઉઠાવીને, અનેક વિટંબણાઓમાંથી પસાર થઈને, સ્વ–પુરુષાર્થથી અને ઉચ્ચ માનવીય ગુણોથી એ ઘણો આગળ વધ્યો અને તેણે ઘણી મોટી લોકસેવા કરી.

એ ગુલામ કુટુંબમાં જન્મ્યો હતો. બે ટંક પૂરું ખાવાયે ન મળે. નકામા થઈ ગયેલા ગૂણપાટના કકડાઓમાંથી સીવેલો સદરો માલિક તરફથી મળે તે પહેરવાનો. ગંદી કોટડીમાં ભોંય પર જ ટૂંટિયો વાળી સૂઈ જવાનું. નાનપણથી જ કાંઈ ને કાંઈ મજૂરીનાં કામો કરવાનાં. ભૂલ થાય તો ચાબખા ખાવાના. નિશાળે જવાની તો કલ્પનાયે કેમ થઈ શકે ?

ઘણી નાની વયે જ બૂકરે મીઠાની ભઠ્ઠીમાં મજૂરી કરી અને કોલસાની ખાણમાં સખત કામ પણ કર્યું. તેમ છતાં વાંચતાંલખતાં શીખવાની અને જ્ઞાન મેળવવાની બૂકરને તીવ્ર ભૂખ હતી. તેથી તે માટે આટલા બધા કપરાં સંજોગોમાંયે તે મથ્યા કરતો. કક્કો બારાખડીની ચોપડી ક્યાંકથી મેળવી, અને જ્યારે સમય મળે ત્યારે તેમાંથી શીખવા માંડ્યું. જો કોઈ શીખવનારું મળી જાય, તો તનતોડ મહેનત કરીને તેની પાસે શીખવા કોશિશ કરતો. રાત્રી–શાળામાં જઈને ભણ્યો. વહેલી સવારથી નવ વાગ્યા સુધી અને પછી બપોર બાદ મજૂરીનું કામ કરવા જઈ થોડો વખત દિવસની શાળામાંયે ગયો. તેણે નિશ્ચય કરેલો કે ગમે તે થાય, પણ શિક્ષણ તો મેળવવું જ.

એક વાર તેણે એવી વાત સાંભળી કે હબસીઓ માટે એક નવી શાળા ખૂલી રહી છે અને ત્યાં ગરીબ અને યોગ્ય વિદ્યાર્થીઓને રહેવા માટે ને પોતાનું ખરચ કાઢી શકે તે માટે

પૂરતી તક આપવામાં આવે છે. બૂકરે તે શાળામાં જવાનું નક્કી કર્યું. થોડી બચત કરીને અને બીજેથી મેળવીને થોડા પૈસા ભેળા કર્યા.



પરંતુ આ નવું સ્થળ પાંચસો માઈલ દૂર હતું. બૂકર ઘેરથી તો નીકળ્યો, પણ તેની પાસેના પૈસા ગાડીભાડા માટે પૂરતા થાય તેમ નહોતા. એટલે વચ્ચે પગે ચાલ્યો. ભૂખ વેઠી, ક્યાંક મજૂરી કરી. પણ અનેક કષ્ટો વેઠીને છેવટે પેલી શાળામાં પહોંચ્યો. એ શાળામાંયે ભણવાની સાથોસાથ તેણે કાંઈ ને કાંઈ કામ કરીને પેટિયું કાઢ્યું. છતાં પુષ્કળ તંગીમાં દિવસો વિતાવવા પડતા. પૂરતાં કપડાં નહોતાં. ક્યારેક એક જ જોડી હોય તો રાતે ધોઈ, દેવતા ઉપાર સૂકવી બીજે દિવસે એ જ પહેરવાં પડતાં.

પણ અહીં બૂકરની જ્ઞાનપિપાસા તૃપ્ત થઈ. એ સ્નાતક બન્યો અને પછી ખૂબ આગળ વધ્યો. આગળ જતાં એ પોતેયે શિક્ષક બન્યો અને પોતાની એક જુદી નિશાળ પણ ખોલી. તે નિશાળ ખૂબ પ્રસિદ્ધ થઈ. આજે બૂકરનું નામ એક શિક્ષણશાસ્ત્રી તરીકે પણ જાણીતું છે. અદમ્ય લગન, આત્મશ્રદ્ધા, દૃઢનિશ્ચય અને અવિરત પુરુષાર્થથી માણસ કેટલો બધો આગળ વધી શકે તેનું આ એક ઉત્તમ ઉદાહરણ છે.

■